
(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

શ્રાવણ માસની સોમવતી અમાસે વડાગામના રહિશ સવજીભાઈ પટેલ દ્વારા વડાગામની ૩ પ્રાથમિક શાળા અને આંગણવાડીના ૫૦૦ જેટલા ભુલકાઓને વડાગામ પ્રાથમિક શાળામાં તિથિભોજન પિરસવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના શિક્ષક વિઠ્ઠલભાઈ પટેલ સહિત શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ગોઠ કુસકી ગામના ૫૦ જેટલા આદીવાસીઓ દ્વારા જમીન સનદ અંગે કલેકટરને રજુઆત કરાઈ

## જીલ્લા કલેકટર ધ્વારા આદિવાસીઓના કેસ માટે વિશેષ દીવસ ફળવાયો

મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લા ના ભિલોડા તાલુકા ના શામળાજી નજીક આવેલા ગોઠ કુસ્કી ગામે જંગલ જમીન માં વસવાટ કરતાં ૫૦ થી વધુ આદિવાસી પરીવારો ને જંગલ ની જમીન ની સનદો ન મળતા રોષે ભરાયા છે. અને વર્ષો થી જંગલ ની જમીન ની સનદો ન મળતાં રોષે ભરાયા છે. અને વર્ષો થી જંગલ ની જમીન માં વસવાટ કરતા ખેડતા આ સનદ થી વંચીત પરીવારો આજે અરવલ્લી જીલ્લા કલેકટર ઓફીસે ન્યાય માટે આવ્યા હતા એ જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટ ને ન્યાય માટે પોતાની રજુઆત કરી હતી આ આદિવાસી લોકો મેશ્વો જલાગાર રેલ્વે તેમજ રસ્તા માં જમીન ત્જતા બેઘર બનેલા પરીવારો ૧૯૬૦-૬૨ થી જંગલ ની જમીન ખેડે છે. અને પોતાને સનદ મળે તે માટે આજે જીલ્લા કલેકટર ને રજુઆત કરવા આવ્યા હતા જીલ્લા કલેકટર ધ્વારા આ આદિવાસીઓ ને સાંભળી ને આવતા મહિને આ તમામ ૫૦ આદિવાસીઓ ના કેસ માટે સ્પેશીયલ એક દિવસ ફાળવી આપવામાં આવ્યો હતો અને આ કેસ માં આદિવાસી ઓ ના હક માં જેટલુ થાય તેટલુ કરવા જણાવ્યુ હતું.

આ લોકો નો બાપદાદા પણ આ જમીન ખેડતા હતા અને આ લોકો પણ ખેડે છે. જેથી આ જમીન ની સનદો અમને મળવી જોઈએ તેવી આ ૫૦ આદિવાસીઓ એ જીલ્લા કેકટર સમક્ષ માંગ કરી હતી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પ્રાંતિજમાં પાકીટ ચોર પકડાતા રહીશોએ ધોલાઈ કરી નાખી

પ્રાંતિજ, તા.૨૮

પ્રાંતિજ એપ્રોચ માર્ગ પર આવેલ પંચરની દુકાન આગળ બાઈક પર લટકાયેલું પાકીટની ચોરી કરી ભાગતા પાકીટ ચોરને રહીશોએ ઝડપી મેથી પાક આપ્યો હતો.

પ્રાંતિજના એપ્રોચ માર્ગ પર આવેલ પંચરની દુકાનમાં એક યુવાન પોતાના બાઈકનું પંચર કરાવવા આવ્યો હતો. યુવાનના બાઈકમાં પાકીટ ભરાવેલું હતું. દરમિયાન કોઈ પાકીટ ચોરે બાઈક પર લટકાવેલું પાકીટ ચોરી કરી રહ્યો હતો જે ઘટના બાઈકનો માલિક જોઈ જતા ચોર પાકીટ નાશી છૂટયો હતો દોડધામ થતા રાહદારીઓએ ચોરને પકડી પાડયો હતો અને જાહેરમાં મેથી પાક આપ્યો પરિણામે ગંભીર ઈજા થતા ૧૮ મારફતે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો જયાં પહોંચતા જ પાકીટ ચોર ૧૦૮ નો દરવાજ ખોલી ભાગી ગયો હતો જો કે આ બનાવ અંગે કોઈ ફરિયાદ થવા પામી નથી.

## મલેકપુર પ્રાથીમક શાળા બહેનોની ખો-ખો ટીમ જીલ્લામાં ચેમ્પીયન

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દની પી.કે.ફણસે વિદ્યાલયમાં બાળ અંડર-૧૪ ખો-ખોની સ્પર્ધા યોજાઈ હતી.ભિલોડા તાલુકાની મલેકપુર પ્રાથમીક શાળાની વિદ્યાર્થીનીઓએ ખો-ખોની ફાયનલ સ્પર્ધામાં ધનસુરાની ટીમ સામે ઉત્કૃષ્ઠ દેખાવ કરી જીલ્લામાં પ્રથમ સ્થાન મેળવી મલેકપુર પ્રાથમીક શાળાનું ગૌરવ વધારતાં શાળાના આચાર્ય દિનેશભાઈ આર.પરમાર,કોચ ભાનુમતીબેન વી.ખરાડી તેમજ સ્ટાફ પરીવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ઝીંઝોડી માધ્યમીક હાઈસ્કુલમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા


ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઝીંઝોડી માધ્યમીક હાઈસ્કુલમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા રૂા.૨૭,૯૦૦/-ના વીજ ઉપકરણોની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.સરસ્વતીબેન બલાતના જણાવ્યા મુજબ ઝીંઝોડી માધ્યમીક હાઈસ્કુલના ઓફીસ રૂમ,કોમ્પ્યુટર રૂમના દરવાજાના તાળા તોડી અજાણ્યા તસ્કરોએ અંદર પ્રવેશ કરી મોનીટર નંગ-૧,એલ.સી.ડી. ટી.વી. નંગ-૧,ટી.વી.નંગ-૧,સેટ અપ બોક્સ નંગ-૧,સ્પીકર નંગ-૨ સહિત વિવિધ પ્રકારના વીજ ઉપકરણો અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.ઝીંઝોડી માધ્યમીક હાઈસ્કુલ આચાર્ય કાલીદાસ લીંબાભાઈ મનાતએ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં મતદાન સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી કરી શકાશે

પાલનપુર, તા. ૨૯

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી બનાસકાંઠા, પાલનપુર દ્વારા જણાવાયું છે કે બનાસકાંઠા જિલ્લાની ૧૩-ડીસા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી આગામી તા. ૧૩-૯-૦૧૪ના રોજ યોજાનાર છે. જેમાં મતદાન માટેનો સમય સવારે ૭.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનો નક્કી કરવામાં આવ્યો છે. આ સમય દરમિયાન મતદાન કરી શકાશે.



## ખાણખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી કરતાં ૭ ડમ્પર અને ૨ જેસીબી ઝડપી લેવાયા

# ગેરકાયદેસર માટીનુ ખોદકામ કરી લઈ જવાતા કાર્યવાહી

અરવલ્લી જીલ્લા ના મોડાસા ના ચારણવાડા પાસે આવેલ ડુંગર માં થી ખોદકામ કરી ને માટી લઈ જવા માં આવતી નથી અને આ માટી ગેરકાયદેસર લઈ જવા માં આવે છે તેવી બાતમી જીલ્લા ખાણ ખનીજ ને મળતા જીલ્લા ખાણ ખનીજ ધ્વારા આજે ચેકીગ હાથ ધરવામાં આવ્યુ હતુ અને આ ચેકીગ ની દરમ્યાન માટી એક જગ્યાએ થી બીજી જગ્યાએ લઈ જવામાં આવતી હતી જીલ્લા ખાણ ખનીજ અધીકારી ધ્વારા સ્થળ ઉપર જરૂરી કાગળ માંગ્યા હતા પરંતુ જરૂરી કાગળ ના મળતાં ખાણ ખનીજ વિભાગ ધ્વારા ૭ જેટલા ડમ્પર અને બે જેસીબી ને ગરેકાયદેસર માટી ની ખનીજ ચોરી કરતાં ઝડપી પાડયા હતા પ્રાથમીક તપાસ માં આ ડમ્પર ધ્વારા લીઝ ની ચોરી કરવામાં આવી રહી હતી તેવુ ખાણખનીજ ધ્વારા જણાવવામાં આવ્યુ હતુ જેથી આ અંગે હાલ તો જીલ્લા ખાણ ખનીજ અધિકારી ધ્વારા તપાસ આરંભાઈ છે અને તપાસ બાદ જ ખબર પડશે કે આ લકો ધ્વારા કેટલી ખનીજ ચોરી કરાઈ છે. તે માલુમ પડશે

# નવા બાકલપુર પાસે મોડી રાત્રે બે વેપારીને લૂટારૂ ટોળકીએ માર મારી લૂંટી લીધા

## લુટારૂ ટોળકીના ચાર ઈસમોએ વેપારીઓને માર મારી સોનાનો દોરો અને રોકડ રકમ લઈ ભાગી છૂટ્યા

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજના નવા બાકલપુર હરસોલ માર્ગ પર ગત રોજ લુટારૂ ટોળકીએ વેપારીને માર મારી લૂંટી લેતા ચકચાર મચી જવા પામી હતી. ઘટનામાં વેપારીને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાંતિજ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના ભરતભાઈ દલાજી પ્રજાપતિ અને અનુજ બાબુલાલ પ્રજાપતિ પોતાના માલિકીનું છોટા હાથી ટેમ્પો લઈ પૌન બીડી, સોપારીનો હોલસેલનો વેપાર કરે છે. ગત રોજ રાત્રિના સમયે ૧૧ વાગ્યાના સુમારે વેપાર ધંધો પૂર્ણ કરી પરત ઘર તરફ જઈ રહ્યા હતા. પ્રાંતિજ-તલોદ માર્ગ પર નવા બાકલપુર નજીકથી બન્ને વેપારી પહોંચતા પાછળથી આવેલી ઈન્ડીકા કારમાં સવાર ચાર ઈસમોએ તેમના ટેમ્પાને થોભાવ્યો હતો અને અમે પોલીસ છીએ અને તમારૂ લાયસન્સ બતાવો કહી ધોકાવડે માર મારી બન્ને વેપારીને ગંભીર ઈજાઓ પહોંચાડી તેમની પાસેથી સોનાનો દોરો, રૂ. ૨૫ હજારની રોકડ ભરેલુ પાકીટ અને ટેમ્પોની ચાવી લઈ નાશી છૂટ્યા હતા. બન્ને વેપારીઓ મોડી રાત્રે બુમાબુમ કરતા આસપાસના રહિશો દોડી આવ્યા હતા. ઘાયલ બન્ને વેપારીને જોઈ તુરંત પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બનાવ અંગે અનુજ પ્રજાપતિની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી લુટારૂ ટોળકીની શોધખોળ હાથ ધરી છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# યુનિક યુ સ્કૂલ ઈડરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ઈનોવેશનની શરૂઆત

ઈડર, તા. ૨૮

યુનિક યુ સ્કૂલ ઈડર પ્રાથમિક કક્ષાએથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પદ્ધતિસરની તૈયારી કરાવે છે. પ્રવેશ તથા નોકરી મેળવવા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી જેટલી વહેલી શરૂ થાય તેટલી સફળ થવાની શક્યતા વધતી જાય છે. યુનિક યુ સ્કૂલ ઈડરમાં શરૂ થયેલ આ કોચિંગની વિશેષતા એ છે કે તેમાં રાજ્ય સ્તરથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતી મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે જરૂરી જ્ઞાન, કૌશલ્યો અને અભિગમને આવરી લેવામાં આવ્યા છે.

યુનિક યુ સ્કૂલ ઈડરમાં આ તૈયારી ‘લોજીક સ્કૂલ’ના નામથી શરૂ થઈ છે. આ લોજીક સ્કૂલના નોલેજ પાર્ટનર લોજીક એકેડેમી, અમદાવાદ છે. લોજીક એકેડેમીના સ્થાપક નિશાંત પટેલે છેલ્લા ૧૪ વર્ષમાં વૈશ્વિક સ્તરે યોજાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે રીસર્ચ અને સ્વઅનુભવના આધારે ૧૦૦૦૦ પાનાનું સમૃદ્ધ સાહિત્ય તૈયાર કર્યું છે. આ માટે ખાસ વર્કબુક્સ તૈયાર કરવામાં આવી છે. આ સાથે શાળા કક્ષાએ બાળકોને કેવી રીતે આમાં રસ લેતા અને જાતે શીખતા કરવા એ માટે શીખવવાની વિવિધ પ્રતિયુક્તિઓની તાલીમ આપી આ ખાસ કોચિંગ માટે શિક્ષકોની ટીમ તૈયાર કરવામાં આવી છે.

ધો. ૬ થી ૯ ના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના બાળકોને આ ખાસ કોચિંગનો લાભ મળશે. યુનિક યુ સ્કૂલ વતી આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનું સંચાલન હર્ષદભાઈ પટેલ કરશે. હર્ષદભાઈ પટેલ પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે બહોળો અનુભવ ધરાવે છે.

શરૂઆતમાં બાળકોના જ્ઞાન અને કૌશલ્યોનું સ્તર જાણવા પ્રિટેસ્ટ યોજવામાં આવ્યો છે. છ મહિના પછી પોસ્ટટેસ્ટનું આયોજન થશે અને ગણિત, અંગ્રેજી, લોજીકલ રીઝનીંગમાં બાળકોએ વિકસાવેલ ક્ષમતાઓનું વ્યક્તિગત સ્તરે એનાલિસીસ કરવામાં આવશે. આ એનાલીસીસના આધારે બાળકોની જરૂરિયાત પ્રમાણેના શૈક્ષણિક સાહિત્યની તૈયારી પણ લોજીક એકેડેમી દ્વારા કરવામાં આવશે. એટલે આ સમગ્ર તૈયારી સંશોધન આધારીત છે.

લોજીક એકેડેમી, અમદાવાદ અને યુનિક યુ સ્કૂલ, ઈડર વચ્ચે થયેલ લાંબાગાળાના સમજુતી કરાર પ્રમાણે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે શરૂ થયેલ ખાસ ‘લોજીક’ ઈડર આસપાસના ગ્રામ્ય વિસ્તારના બાળકોને વૈશ્વિક સ્તરે સફળતા માટે તૈયારી કરશે. આ સમગ્ર આયોજનને ધ્યાનમાં લેતા સમગ્ર રાજ્યમાં સ્પર્ધાત્મકતા વિકસાવવા પ્રાથમિક કક્ષાએથી આવા પદ્ધતિસરના પ્રયત્નો કરનાર યુનિક યુ સ્કૂલ ગુજરાતની પ્રથમ સ્કૂલ બને છે. આ માટેનો શ્રેય નોલેજ પાર્ટનર તરીકે સહયોગ આપનાર લોજીક એકેડેમીના સ્થાપક નિશાંત પટેલને જાય છે.




લક્ષ્મીપુરા નજીક આવેલ પ્રાચિન ભીમનાથ મહાદેવ અને નિલકંઠ મહાદેવ દ્વારા લક્ષ્મીપુરા ગામની આંગણવાડી, બાલવાડી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં ભણતા બાળકોને તિથિ ભોજન પિરસવામાં આવ્યું હતુ. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# પાલનપુર ખાતે બાળકોને લગતાં જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૦૦ અંગે પત્રકાર પરિસંવાદ યોજાયો

પાલનપુર, તા.૨૮

પાલનપુર પોલીસ હેડ કવાર્ટર ખાતે બાળકોને લગતાં જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ અંગે બનાસકાંઠા ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેનશ્રી સુભાષભાઈ સોનેરીના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિસંવાદ યોજાયો હતો. જેમાં ચેરમેને જણાવ્યું હતું કે આપણને વિવિધ કાયદાઓથી રક્ષણ મળેલું છે તેથી આપણે બધા સુરક્ષિત અને સલામત છીએ. તેમણે કહ્યું કે ૧૮ વર્ષથી નીચેની વયના બાળકોને રક્ષણ આપવા માટે કેન્દ્ર સરકારે જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ બનાવ્યો છે. આ એકટ અંતર્ગત કાયદાના સંઘર્ષમાં આવતા કિશોર તથા કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોને યોગ્ય કાળજી, રક્ષણ અને સારવાર આપીને તેમના વિકાસને લગતી જરુરીયાત પુરી શકાય અને બાળકોના હિતને સર્વોત્તમ પ્રાધાન્ય આપીને બાળમિત્ર ભાવે, ન્યાયિક કાર્યવાહી દ્વારા તેમનું પુનઃવસન થાય તે છે. તેમણે કહ્યું કે આપણા ધ્યાનમાં કોઈ એવું બાળક આવે કે જે નિરાધાર, રહેઠાણ કે આશરા વગરનું હોય, માનસિક રીતે બિમાર હોય અને તેની કાળજી લેવાવાળું કોઈ ન હોય, શોષિત હોય, માતા પિતાએ તે બાળકનો ત્યાગ કર્યો હોય તેવા બાળકોને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજુ કરવા જોઈએ. તેમણે કહ્યું કે ચિલ્ડ્રન હોમમાં બાળકોને રક્ષણ આપવામાં આવે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦